## પ્રેરણા વિદ્યાલયમાં યોજનાઓની વકૃતત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લા માહિતી ખાતા તરફથી વિવિધ યોજનાઓના પ્રચાર હેતુથી વકૃતત્વ સ્પર્ધાપ્રેરણા વિદ્યાલયમાં યોજાઈ હતી. સ્પર્ધાનાં કન્યા કેળવણી, ગુજરાતનાપ્રવાસ ધામો, ગરીબ કલ્યાણ મેળા, જેવા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રથમ દૃષ્ટિ રાવલ, દ્વિતીય પાર્થ જોશી, તૃતીય ચાવડા દિગ્વિજયને આપવામાં આવ્યો હતો. આચાર્યા સ્વાતીબા રાઓલ, ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલાએ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રિયંકા સથવારાને નિબંધ સ્પર્ધામાં બીજા ક્રમનું ઈનામ

ગાંધીનગર, તા.૭

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની વિદ્યાર્થીની કુ. પ્રિયંકા સથવારાને ગાંધીનગર જિલ્લાની જિલ્લા કક્ષાની પંચશક્તિ આધારીત નિબંધ સ્પર્ધાના દ્વિતીય નંબર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. રૂા. ૪૦૦૦નું પાઠ્યપુસ્તક મંડળ તરફથી ઈનામ મળેલ છે. આચાર્યા સંતોકબેન ચૌધરી તથા શાળા પરિવારે અભિનંદન પાઠવેલ છે.

## રાજયકક્ષાની તરણ સ્પર્ધામાં પસંદગી

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર ડીસ્ટ્રીકટ સ્વીમીંગ એસોસીએશન દ્વારા ૨૫ ખેલાડીઓનું સ્વીમીંગ સીલેકશન ટ્રાયલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યોજાયેલી વિવિધ ઈવેન્ટસમાં હેરએરડા, મંથન ગોર, કરણપટો, રાજીન્દ્રસિંગ આનંદ, રવિન્દ્રસિંગ આનંદ, નિહાલસિંગ સકસેના, અનિમેશસિંહ કુપાવત પ્રાર્થસાને, વિહાર મોદી, ઉષા પટેલ, પ્રિતી શેઠ, ઝીલ મોદી તેમજ દિલપ્રીત કૌર વિજેતા થયા હતા. ૫૪મી ગુજરાત ચેકવીયન શીપ ૨૦૧૨માં જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. સ્વીમીંગ એસો. પ્રમુખ વિપુલ પટેલ, સેક્રેટરી રામમિલન યાદવે અભિનંદન આપેલ છે.

## ગુજરાત વિધાનસભા પેન્શનર સમાજનો રવિવારે આયોજિત સન્માન કાર્યક્રમ રદ

ગાંધીનગર, તા. ૭

ગુજરાત વિધાનસભા પેન્શનર સમાજ, ગાંધીનગર દ્વારા આગામી રવિવારના રોજ આયોજિત સ્નેહમિલન-સન્માન સમારોહ અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવ્યો છે. સમાજના પ્રમુખ એન જે નિમાવતે આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આગામી તા. ૯ સપ્ટેમ્બર ને રવિવારના રોજ ફાર્મસી કૉલેજ હૉલ, સૅક્ટર-૨૩ ખાતે બપોરે ૩-૩૦ કલાકે આયોજિત કરવામાં આવેલો સ્નેહમિલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓ અને વડીલોના સન્માનનો કાર્યક્રમ અનિવાર્ય સંજોગોને કારણે રદ કરવામાં આવ્યો છે.

## સૅક્ટર-૬ ખાતે ભજન સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૭

ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર, સૅક્ટર-૬ બી ખાતે બહેનો માટે ભજન સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું.

અધિક્ષક, આબકારી અને નશાબંધી મંડળ, ગુજરાત દ્વારા આયોજિત આ ભજન સ્પર્ધામાં મોટી સંખ્યામાં વસાહતી બહેનોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ ક્રમે વિભાબેન પટેલ, બીજા ક્રમે કૈલાસબેન નાયી તથા ત્રીજા નંબરે રમાબેન ઉપાધ્યાય વિજયી બન્યા હતા. વિજેતાઓને આયોજક સંસ્થા તરફથી ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ઉપરાંત સ્પર્ધામાં ભાગ લેનાર દરેક બહેનને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યું હતું.

સ્પર્ધાના સફળ આયોજનમાં નશાબંધી મંડળ, ગુજરાતના ગાંધીનગર નિયોજક નફિસા ખલીલે ભારે જહેમત ઊઠાવી હતી. સ્પર્ધાના નિર્ણાયક તરીકે મીતાબેન સુથારે સેવાઓ આપી હતી. સમગ્ર કાર્યક્રમનું રસવાહી સંચાલન ઈન્દુમતિ નિમાવતે કર્યું હતું.

## સંસ્કાર ગૃપ દ્વારા પર્યાવરણ પરીક્ષા યોજાઈ



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં સૌ પ્રથમ વખત સંસ્કાર ગૃપ અને પર્યાવરણ સંસ્કૃતિ રક્ષક ટ્રસ્ટ અમરેલીના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ પરીક્ષા યોજવામાં આવી હતી. પરીક્ષામાં શાળાના વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો.

શાળાના ધો. ૬ના વિદ્યાર્થીઓ તથા કોલેજના વિદ્યાર્થીઓ પર્યાવરણ પરીક્ષામાં જોડાયા હતા. પરીક્ષાનો હેતુ વિદ્યાર્થીઓમાં પર્યાવરણ જાગૃતિ લાવવાનો હતો. આ પ્રસંગે ગણેશજીની સ્તુતિ, વનદેવી અને દરેક જીવની જય ઘોષણા કરવામાં આવી હતી. આદર્શ નિવાસી શાળાના આચાર્ય પી.કે. પટેલ, બીપીનભાઈ સોલંકી, જયસિંહ, નર્મદાબેન, મમતાબેન વગેરેએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા યોગ્ય સહકાર આપ્યો હતો.

## અમદાવાદ હાટમાં માટી કલા મેળો ગણેશજીની ઈકોફ્રેન્ડલી મર્તિ આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા. ૭

માટીકલા એ સૌથી જૂના વારસા તરીકે લેખાય છે.આદિકાળથી માનવી પાણીથી માંડી અન્ય વસ્તુઓના સંગ્રહ માટે માટીના વાસણોનો ઉપયોગ કરતો હતો.પરિવર્તનશીલ સમાજ તથા આધૂનિકતાની આંધળી દોટે માટીના વાસણોની જગ્યાએ ધાતુ, પ્લાસ્ટિક તથા ફાઈબર વગેરેનો ઉપયોગ વધ્યો.

આજે વિશ્વને સૌથી સતાવતી જો કોઈ સમસ્યા હોય તો તે છે પર્યાવરણ જાળવણીની.માટીકલાનો લૂપ્ત થતો વ્યવસાય પર્યાવરણ માટે અભિષાપ બન્યો. સાથોસાથ ગ્રામ્ય તથા શહેરમાં વસવાટ કરતા અસંખ્ય એવા માટીકલાના કારીગરો બેકારીનો ભોગ બન્યા.

ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન માટીકલાના કારીગરોને રોજગારી માટે માટીકામની અધતન તાલીમ આપે છે તથા આ વ્યવસાયમાં ઉપયોગી થઈ પડે તેવા ઈલેકટ્રીક ચાકડો, કલેડા મેકીંગ મશીન,માટી ગુંદવાની પગમીલ વગેરે યંત્રો વિકસાવેલ છે. સંસ્થા માટીકામના કારીગરો માટે બેંક લોન તથા સાધન સહાયમાં પણ ૫૦ ટકા રાહત આપે છે.પરંપરાગત ઉત્પાદનોના સ્થાને મોર્ડન બજાર માંગ તથા લોકરૂચી મુજબના ગૃહ સુશોભનના ઉત્પાદનો બનાવવાની તાલીમ પણ સંસ્થા આપી રહી છે.

માનવજીવનના સૌથી જૂના વારસા તરીકે જેનો સદાય ઉલ્લેખ થાય છે તે માટીકલા ને આજના સમયમાં જીવંત રાખવા સહુના સહિયારા -યાસની તાતી આવશ્યકતા છે.

## યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલમાં વિજ્ઞાનની કાર્યશાળાનો આરંભ



ગાંધીનગર, તા. ૭

યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે તાજેતરમાં વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયની પ્રાયોગિક તાલીમ આપવા માટે વિજ્ઞાનની કાર્યશાળા યોજવામાં આવી હતી. ઈડર ખાતે કાર્યરત સ્કૂલમાં આ કાર્યશાળાનું સંચાલન રાષ્ટ્રીય ઍવૉર્ડ વિજેતા પ્રાથમિક શિક્ષક પ્રકાશ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે સહજ પ્રાપ્ય સાધનો દ્વારા બાળકોને રસમય રીતે પ્રવૃત્ત કરીને વિજ્ઞાનના સિદ્ધાંતો શીખવ્યા હતા. 'પ્રકાશ સીધી રેખામાં ગતિ કરે છે' એ સિદ્ધાંત બાળકોએ જાતે પ્રયોગ કરીને સમજપૂર્વક શીખ્યો હતો.

આ અનુભવી શિક્ષકે બાળકોને અવલોકનશક્તિ વિકસાવી આસપાસ પ્રાપ્ય સાધનો દ્વારા પ્રયોગો કરવા માટે અભિપ્રેરીત કર્યા હતા અને પોતાની બહુઉપયોગી વિજ્ઞાન કીટનું નિદર્શન કરી ઓછાં સાધનો દ્વારા પણ વિજ્ઞાન પ્રાયોગિક રીતે સારામાં સારી રીતે કઈ રીતે ભણાવી શકાય એ બાબતનું માર્ગદર્શન શિક્ષકોને આપ્યું હતું.

આ સમગ્ર કાર્યશાળાનું સંચાલન સ્કૂલ પરિવારના સૌનાકભાઈ પટેલે કર્યું હતું.



અમદાવાદ ખાતે આવેલ તૃપ્તિ સ્ટુડિયામાં ગુજરાતી ફિલ્મ નમો મહાવીરના ગીત રેકોર્ડિંગ વખતે ફિલ્મ નિર્માતા દિપક શાહ, સંગીકાર પંકજ ભટ્ટ, પ્રસ્તુત કર્તા મહેશ શાહ, લેખક-ડાયરેકટર મુકેશ નથવાણી તથા અતિથિ વિશેષમાં યોગેશ ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. સાળંગપુરના કષ્ટભંજન દેવની કથા પર આધારિત ફિલ્મમાં કુલ પાંચ ગાયનો છે. જે.ડી. ફિલ્મ ક્રિએશનના બેનર હેઠળ તૈયાર થઈ રહેલ આ ફિલ્મ ડિસેમ્બરમાં ગુજરાતના થિયેટરોમાં રજૂ થશે.

## રવિવારે અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૭

પૂર્વ મુખ્ય ઈજનેર રમેશભાઈ ડી પટેલ વ્યાખ્યાનમાળા અંતર્ગત 'ગુજરાતી નવલકથાઓનું ચલચિત્રમાં પ્રદાન' વિષયે અભિનય સમ્રાટ, વિદ્વાન વક્તા ઉપેન્દ્ર ત્રિવેદીનું વ્યાખ્યાન જિલ્લા પુસ્તકાલય, સૅક્ટર-૨૧ ખાતે યોજવામાં આવ્યું છે. સાંજે ૪થી ૫-૩૦ કલાક દરમ્યાન આયોજિત આ કાર્યક્રમ સાહિત્ય સભાના સૌજન્યથી યોજવામાં આવ્યો છે, જેનો લાભ સૌ સાહિત્ય રસિકો લઈ શકશે. સાહિત્ય સભાના મંત્રી નટવર હેડાઉ દ્વારા આ પ્રવચન માણવા સૌ સાહિત્ય રસિકોને નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક દિનની ઉમંગભરી ઉજવણી





**• સ્વામિ યોગાનંદ હાઇસ્કૂલ**

શાળાના ઉત્સાહી વિદ્યાર્થીઓએ શિક્ષક દિવસ નિમિત્તે સુંદર શિક્ષણ કાર્ય કર્યું હતું. શાળા સંચાલનની તમામ વ્યવસ્થા પણ વિદ્યાર્થીઓએ જ સંભાળી હતી. વિદ્યાર્થીઓએ આનંદથી વિદ્યાર્થી-શિક્ષકોને આવકાર્યા હતા અને તેમના દ્વારા શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન એ પી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના સુપરવાઈઝર હર્ષદરાય ઉપાધ્યાયે વહીવટી વ્યવસ્થા સંભાળી હતી. નિર્ણાયક તરીકે મંજૂલાબેન તથા અરવિંદભાઈ પટેલે સેવાઓ આપી હતી. આચાર્ય ગોવિંદભાઈ નસીતનતા માર્ગદર્શનમાં સમગ્ર દિવસની ઉજવણી સંપન્ન કરવામાં આવી હતી.

**• એસ.એસ.પટેલ પીટીસી કોલેજ**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિન નિમિતે શિક્ષકદિનની ૧૬ તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો. આચાર્ય તરીકે વઢેરા કૈલાસે ફરજ બજાવી હતી. શિક્ષિકાઓ, કલાર્ક, લાઈબ્રેરીયન, સેવકભાઈ તરીકે તાલીમાર્થીઓએ કામ કર્યું હતું. આ વિશિષ્ટ દિવસનો માહિમા અને મહત્વ કોલેજના આચાર્ય કિરણબેન પટેલે વકતવ્ય આપ્યું હતું.

**• એસ.કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર**

સદ્‌વિચાર પરિવાર સંચાલિત એસ. કે. દેસાઈ વિકલાંગ વિદ્યામંદિર ઉવારસમાં વિકલાંગ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. નવનિર્મિત બનેલા શિક્ષકો અને વિદ્યાર્થીઓના ચહેરા પર આનંદ વર્તાતો હતો. વિષય વસ્તુ વર્ગ સંચાલન, શિસ્ત અને અસરકારક રજૂઆત જણાઈ હતી. સભા કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણના જીવન વિશે. જ્ઞાનવર્ધક માહિતી આપવામાં આવેલ હતી. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ પણ આપવામાં આવ્યા હતા. શાળા આચાર્ય તરફથી વિદ્યાર્થીઓને આર્શીવચન આપવામાં આવ્યા હતા.

**• સર્વોદય વિદ્યામંદિર**

સર્વોદય વિદ્યામંદિર ભાટમાં શિક્ષકદિન નિમિતે સ્વંય શિક્ષકની ભૂમિકા બજાવી હતી. ધો.-૯થી ૧૦ વિદ્યાર્થીઓએ શિક્ષક બન્યા હતા. અને ઉત્સાહથી શૈક્ષણિક કાર્ય શિક્ષણમય બનાવેલ હતું.

આચાર્ય જયંતિભાઈ પટેલના માર્ગદર્શનની મદદનીશ શિક્ષિકા શિલ્પાબેન પટેલના સહકારથી વાતાવરણ સુંદર જીવંત બનેલ હતું. ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રિયંકા રાઠોડ, આચાય, જાદવ દિવ્યા, ઠાકોર અનિલભાઈ પટાવાળા તરીકે ફરજ બજાવી હતી.

**• તક્ષશિલા વિદ્યાલય**

શિક્ષક દિન નિમિત્તે તક્ષશિલા પ્રાથમિક અને માધ્યમિક શાળામાં વિદ્યાર્થીઓએ આચાર્ય, શિક્ષક, કલાર્ક અને પટાવાળાની ભૂમિકા ભજવી સમગ્ર દિવસ દરમિયાન શિક્ષણની દોર સંભાળી હતી.

શાળાના પ્રકાશ સોલંકીએ આચાર્ય અને ૨૩ વિદ્યાર્થીઓએ વિષયવાર તથા વર્ગશિક્ષક તરીકેની ભૂમિકા અદા કરી હતી. શાળા પરિવાર તરફથી શિક્ષકની ભૂમિકા અદા કરનારને બોલપેન ભેટ સ્વરૂપે અપાઈ હતી. કાર્યક્રમનું સંચાલન રાજેશકુમાર દવે અને મિનાક્ષીબેન રાવલે કર્યું હતું.

**• એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા**

કલોલ તાલુકાના સોજા ગામની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ ખાતે શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. નાના ભૂલકાઓ અને બાળકોએ આ પ્રસંગે શિક્ષકની ભૂમિકા ભજવી સૌનું ધ્યાન કેન્દ્રીત કર્યું હતું. શાળાના આચાર્ય અને સારસ્વતોએ પ્રાસંગિક પ્રવચનમાં ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન વૃતાંતની ઝાંખી કરાવી હતી.

**આગવો માણસ - આપણો માણસ**

- કિશોર જીકાદરા

## પ્રદીપ સોલંકી : વ્યસનમુક્તિ અભિયાનના એકલવીર યોધ્ધા!



કેટલીક બાળવાર્તાઓ મોટેરાઓ માટે પણ મહત્વનો સંદેશ લઈને આવતી હોય છે. આવી એક બાળવાર્તા નાનપણમાં કોઈ બાળમેગેઝીનમાં વાંચ્યાનું મને ઝાંખું સ્મરણ છે. વાર્તા કંઈક આવી હતી. ગામના પાદરે વૃક્ષના થડને બાથ ભરીને એક પાગલ ઈન્સાન કેટલાંક દિવસોથી ખાધાપીધા વિના ઉભો હતો. ગામના ડાહ્યા માણસોએ પાગલને પૂછ્યું, તે શા માટે વૃક્ષને પકડી રાખ્યું છે? પાગલે કહ્યું કે મેં ક્યાં વૃક્ષને પકડ્યું છે, વૃક્ષે મને પકડી રાખ્યો છે! સમજુ હોય તેને સમજાવાય, આ તો પાગલ એને કેમ સમજાવવો ? એટલામાં ત્યાંથી એક સંત પસાર થયા. ગામ લોકોએ સંતની મદદ માંગી. સંતે થડ ફરતે ભીડાયેલી પાગલના હાથની પક્કડ ચાલાકી પૂર્વક છોડાવી દીધી અને પાગલ સમઘો કે વૃક્ષે તેને છોડી દીધો છે! મેં પ્રદીપભાઈનો ભૂતકાળ જાણ્યો ત્યારે મને આ બાળવાર્તા પ્રદીપભાઈના જીવન સાથે બંધબેસતી લાગી કારણ કે આપણા પ્રદીપભાઈએ ભરયુવાનીમાં સિગારેટ, ગુટખા અને શરાબના વ્યસનરૂપી વૃક્ષને બાથમાં પકડી લેવાનું પાગલપન કર્યું હતું અને એવું માની બેઠા હતા કે વ્યસને તેને ઝકડી લીધો છે. હાથચૂડ ખોલવા જો કે કોઈ સંત મદદે ન હોતા આવ્યા પણ એક સ્ત્રી જરૂર મદદે આવી હતી ! પછી જે ઈતિહાસ રચાયો તેની આ વાત છે..

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેડકેશીયર તરીકે ફરજ બજાવતા ખેમચંદ સોલંકીને ચાર દીકરીઓ પછી પ્રાપ્ત થયેલું આ પુત્રરત્ન! ફોઈએ પ્રદીપ નામ પાડ્યું ત્યારે કોઈને સપને ય ખ્યાલ ન હોતો કે આ કુળદીપક પહેલાં પોતાની જાત બાળશે અને પછી ગાંધીનગરમાં જઈને ઝળહળશે ! પ્રદીપ અગિયારમાં ધોરણમાં આવ્યો ત્યારે તો એ સિગારેટનો હરેડ બંધાણી થઈ ચૂક્યો હતો. બે હોઠ વચ્ચે લટકતી સિગરેટને એકલું ન લાગે એટલા માટે ગલોફામાં ૧૩૫નો મસાલો પણ ગોઠવાતો. એક,બે, ત્રણ નહીં રોજના પંદર પંદર મસાલા ચવાતા. તે સમયે પ્રદીપભાઈને ઘરમાંથી કોઈએ ટોક્યા નહીં હોય તે બાબત દરેક માતાપિતાએ જરા વિચારી જવા જેવી ખરી ! ગુજરાતમાં ૧૧મી સપ્ટમ્બરથી જે કાનૂનૂ રીતે પ્રતિબંધિત થવાના છે તે ગુટતા તે સમયે તમામ યુવાદિલોની ધડકન બનીને બજારમાં ઘૂમતા થયા હતા. આપણા પ્રદીપભાઈ કંઈ ઓછા નહોતા, તમાકુવાળા મસાલા બંધ કર્યા અને ગુટકા ચાલુ કર્યા. દૂર્જનોની સોબત માઠું પરિણામ લાવી શકે છે તેનો જીવતો જાગતો દાખલો પ્રદીપભાઈ હતા. મિત્રોના આગ્રહવશ દારૂનો સ્વાદ પણ ચાખ્યો. કડવો દારૂ ત્યારે પ્રદીપભાઈને કેમ મીઠો લાગ્યો હશે તેનો જવાબ કદાચ પ્રદીપભાઈ આજે ન પણ આપી શકે! કોઈ પૂછવાવાળું ન હોતું અને કોઈ તો પ્રદીપભાઈ માનવાવાળા નહોતા. યુવાની હતી, ચડતું લોહી હતું એટલે આડઅસરની ખબર જલ્દી પડે તેવું નહોતું. બે હોઠ વચ્ચે સળગતી સિગારેટ અને ગલોફામાં ગુટકા સાથે સ્કૂટર પર હિંમતનગર નોકરીએ જતા પ્રદીપભાઈ દુનિયાનું તમામ સુખ મુઠ્ઠીમાં કરી લીધું હોય તેમ હવામાં ઉડતા હતા. તેઓ તુલસી કે માણેકચંદના પચાસ ગુટકા પાઉચ સાથે જ રાખતા. નોકરીની બાબતમાં પ્રદીપભાઈ ભાગ્યશાળી હતા. ગ્રેજ્યુએટ થયા પહેલાં બારમાના બેઈઝ પર ૧૯૮૫માં માત્ર એકવીસ વર્ષની વયે સાબરકાઠાં ગાંધીનગર ગ્રામીણ બેન્કમાં કલાર્કની નોકરી મળી ગઈ હતી. દિવસની પાંચ પંદર ચા, ચા પછી ગુટકા, ગુટકા સાથે સિગારેટ અને રાત્રે વિદેશી દારૂની મોજ! આખો પગાર આમ જ પૂરો થઈ જતો. ઘરમાં આપવા માટે કંઈ બચતું નહીં. ખેર એવી કોઈ ચિંતા કે જવાબદારી હોત તો એ વ્યસનના ગુલામ થોડા થયા હોત ? પણ ચિંતા બીજી હતી. થોડા વખતથી છાતી ભારે ભારે લાગતી હતી. બંન્ને ફેફસામાં હવાની જગ્યાએ જાણે સિમેન્ટ ધરબાઈ ગયો હોય એવું અનુભવાતું હતું. પેલી બાળવાર્તામાંનો પાગલ કહેતો હતો કેમ પ્રદીપભાઈ પણ ફરિયાદ કરતા કે વ્યસને મને પૂરેપૂરો ઝકડી લીધો છે. વાસ્તવમાં પ્રદીપભાઈએ વ્યસનને પકડી રાખ્યું હતું. છોડાવે કોણ?

એ ગાળામાં એક બહેન બેન્કમાં જોડાયા. કેન્સરને કારણે અકાળે પતિનું અવસાન થતાં આ બહેનને રહેમરાહે નોકરી મળી હતી. બેન્કમાં તેમના આગમનથી પ્રદીપભાઈના જીવનમાં યુ ટર્ન આવ્યો. કોઈ સંત મહાત્માની અદાથી નહીં પણ સહકર્મચારીની હેસિયતથી આ બહેને પ્રદીપભાઈને અવારનવાર ટપારવાનું ચાલું કર્યું. આધિપત્ય કરતાં આત્મીયતાસભર શબ્દોનો જાદુ વિશેષ અસરકારક હોય છે. કોઈને ન ગાંઠનારા અને મનસ્વી પ્રદીપભાઈ ધીરે ધીરે નરમ પડવા લાગ્યા. સગા બાપની નહીં પણ આ બહેનની ટકોર પ્રદીપભીના હૃદયને અસરકારક રીતે સ્પર્શતી રહી. એક નહીં, ચચ્ચાર વ્યસનો અને એ પણ વર્ષો જૂનાં, કંઈ એકાદ ટકોરથી છૂટી જવાના નહોતા એટલે આ બહેને નિસ્વાર્થી ટકોર ધર્મ ચાલુ રાખ્યો. આ બહેન શ્રીશ્રી રવિશંકર આર્ટ ઓઉ લીવીંગ શિબિરમાં જતાં. એક સારૂ કામ એમણે એ કર્યું કે પ્રદીપભાઈ આર્ટ ઓફ લીવીંગના શિબિરમાં ખેચી શક્યા. પ્રદીપભીને જીવનના સાચા માર્ગે વાળવામાં અને વ્યસનમુક્ત કરાવવામાં આ બહેને નિમિત બન્યાં. ઉભય પક્ષના પ્રામાણિક પ્રયત્નો ફળ્યા. પ્રદીપભાઈ જીવન જીવવાની નવતર કળા શીખતા રહ્યા અને વ્યસનો ધીરે ધીરે છૂટતાં રહ્યાં. બરાબર પચ્ચીસ વર્ષે પ્રદીપભાઈ સંપૂર્ણ વ્યસનમુક્ત થઈ ગયા. (આજે પ્રદીપભી ચા પણ પીતા નથી!) પ્રદીપભાઈ ખુશ હતા એનો આનંદ પેલા બહેનને સવિશેષ હતો. કેમ ન હોય ? આજે આ બહેન પ્રદીપભાઈના સહધર્મચારિણી છે! શુભષયથી આદરેલા કાર્યનો અંત આથી સુખદ બીજો કયો હોય?

આ આખા પ્રકરણની વિશેષતા એ રહી કે પ્રદીપભાઈએ ખુલ વ્યસનમુક્ત બનીને બેસી રહેવાને બદલે બીજાને વ્યસનોથી મુક્ત કરવાનો મનોમન સંકલ્પ લીધો. વ્યસનમુક્તિ માટે અજમાવાતી રીતરસમો અને કાઉન્સેલીંગથી આ બંને જીવો પૂરા વાકેફ હતા. પ્રદીપભાઈ કહે છે કે ખુદના વ્યસનો છૂટ્યા અ સ્વાર્થ, બીજાના છોડાવીએ એ પરમાર્થ! પરસ્પરના સાથ સહકારથી તેઓએ ૨૦૦૭થી વિધિસર વ્યસનમુક્તિ અભિયાનનો પરમાર્થ આદર્યો. પ્રદીપભાઈ સોલંકી હાલ દેના ગુજરાત ગ્રામીણ બેન્કની ધનસુરા શાખા બ્રાન્ચ મેનેજર છે. ધનસુરા તાલુકામાં સ્વરોજગાર અને બચત યોજના હેઠળ કાર્યરત સખીમંડળોની બહેનોના પરિવારના વ્યસની સભ્યને આ સેવાભાવી બેલડીનું કાઉન્સેલીંગ ખૂબ ઉપકારક થાય છે. વ્યસન કરવાનો અને છોડવાનો પ્રદીપભાઈને પાક્કો અનુભવ છે ને? તેઓ આ અનુભવ સમાજની સેવા માટે બખૂબી વાપરી જાણે છે. વ્યસનીઓનું તો ભલું પૂછવું. ક્યારેક અપમાન પણ કરી નાંખે. સ્વમાનના ભોગે સમાજને વ્યસનમુકત કરવાની આ બે માણસની તત્પરતા દાદ માંગી લે તેવી છે. બેન્કમાં આવતા ગ્રાહકો પૈકી જેને બીડી, તમાકુ, ગુટકા કે શરાબનું વ્યસન હોય તેને પ્રદીપભાઈ ઓળખી કાઢે છે. અલાયદા બોલાવીને વ્યસનોથી થતા રોગો અંગે વિસ્તૃત માહિતી આપતા સમજાવે છે કે, નશો જ સર્વાનાશનું કારણ છે, વ્યસનોથઈ ભર્યાભાદર્યા પરિવારો છિન્નભિન્ન થઈ જાય છે! પ્રદીપભાઈએ હૃદયસ્પર્શી અપીલ કરતા અસરકારક સૂત્રોના ત્રીસેક જેટલા રંગીન લેમીનેટેડ ચાર્ટસ...

• અનુસંધાન છઠ્ઠા પાને